**<u>બાવળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં : ૧૧૧૯૨૦૦૮૨૬૦૧૮૭/૨૦૨૬ ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ.</u>**

૧. અરજી તથા રેકર્ડ વંચાણે લીધા. વિ. એ.પી.પી.શ્રી તથા અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યાં.

૨. આ કામમાં અરજદાર સંજોગભાઈ રમણભાઈ ચુનારાએ મુદ્દામાલ તેઓની માલિકીનું બજાજ ઓટો લી. કંપનીનું પલ્સર ૧૫૦ ડી.ટી.એસ.–આઈ મોડલ નું મો.સા. જેનો આર.ટી.ઓ.રજી.નં.જી.જે.૩૮.એ.પી.૩૭૩૨ તથા ચેસીસ નંબર MD2A11CX1RPB28927 તથા એન્જીન નંબર DHXPRB02904 છે જે મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લીધેલ છે જે હાલ પો.સ્ટે. માં પડેલ છે, જે વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવા અરજી કરેલ છે, સદર મુદ્દામાલ વાહનની માલિકી અંગે અરજદાર દ્વારા એફ.આઈ.આર.ની કોપી, બાઈકની આર.સી.બુકની નકલ, અરજદારના આધાર કાર્ડની નકલ તથા નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે તથા જણાવેલ છે કે, મુદ્દામાલનો પ્રકાર જોતાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના બોડી, બેટરી, ટાયર તેમજ તેના કલરને નુકશાન થાય તેમ છે. સદરહું વાહન તેઓને રોજીદા જીવનમાં ઉપયોગી છે. તે તમામ સંજોગોનું પંચનામું તથા રેકર્ડ ઉપરની તમામ હકીકતો જોતાં મુદ્દામાલ વાહન હાલના કામના અરજદારની માલીકીની હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે.તેમજ ના.સુપ્રિમ કોર્ટે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭પરના આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો તેમજ નામ.સુપ્રિમ કોર્ટના આ ચુકાદાના સંદર્ભે ના.ગુજરાત હાઈકોર્ટે સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નં.૯૨૦/૨૦૦૦ ના કામમાં શૈલેષ ગંભીરસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના સરકયુલેટ ચુકાદામાં નિર્દેશ કર્યા મુજબ પણ હાલના કામનો મુદ્દામાલ બિનજરૂરી રીતે લાંબો સમય પોલીસ કસ્ટડીમાં રાખવો ન્યાયી અને ઉચિત નથી. તેવા સંજોગોમાં યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ પરત કરવો જોઈએ તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–o:: હુકમ ::o–</u>**

૧. હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

૨. સદર કામનો મુદ્દામાલ તેઓની માલિકીનું બજાજ ઓટો લી. કંપનીનું પલ્સર ૧૫૦ ડી.ટી.એસ.–આઇ મોડલ નું મો.સા. જેનો આર.ટી.ઓ.રજી.નં.જી.જે.૩૮.એ.પી.૩૭૩૨ તથા ચેસીસ નંબર MD2A11CX1RPB28927 તથા એન્જીન નંબર DHXPRB02904 છે જે આ કામના અરજદાર:– સંજોગભાઇ રમણભાઇ ચુનારાનાઓની અરજીમાં જણાવ્યા મુજબની કુલ રકમની દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધીન સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: શરતો :–</u>**

(૧) મુદ્દામાલ વાહન અદાલત જયારે જયારે અને જયાં જયાં ફરમાવે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં રજુ કરવાની રહેશે.

(૨) મુદ્દામાલ વાહન કોઈપણ રીતે કોઈને પણ તબદિલ કરવી– કરાવવી નહીં

(૩) મુદ્દામાલ વાહન નો ગુનાહીત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

(૪) મુદ્દામાલ વાહન ની મુળ સ્થિતિમાં કોઈ ફેરફાર કરવો–કરાવવો નહીં.

૫) મુદ્દામાલ વાહનના આર.સી.બુકની નકલ સંબંધિત પો. સ્ટે.મા રજુ કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ ગણાશે. જામીનની કાર્યવાહી સંબંધિત પો.સ્ટે. માં કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

બાવળા
તા ૧૬/૦૫/૨૦૨૬

**( વિ. એસ. ઝાલા )**
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669